# शिक्षापत्रीध्वान्तनिवारण

अर्थात स्वामिनारायणमत

आर्यसमाजस्थेन

कृष्णवर्मसूनुना श्यामजिना

भाषान्तरं कृतम्

# શિક્ષાપત્રીધ્વાન્તનિવારણ

અર્થાત્ સ્વામિનારાયણમત દોષ દર્શક

ભાષાન્તર કર્તા

આર્ય સમાજસ્થ

શ્યામજી કૃષ્ણવર્મા.

મુંબઈમાં
ગુરુ ... ઓરિયન્ટલ છાપખાનામાં છાપ્યું.

224
456
वि. 2
224

## सहजानन्दादि मतस्थान् प्रतिप्रश्नाः खण्डनञ्च.

कोयंसहजानन्दोनाम ?

नारायणावतारस्स्वामिनारायणाख्याचार्यइतिब्रूमः ॥

कश्चनारायणः ॥

वैकुण्ठगोलोकवासीचतुर्भुजोद्विभुजोलक्ष्मीपतिरीश्वरइत्युचते ॥

सइदानीमस्तिनवा ? ॥

वर्ततएवतस्येश्वराख्यस्यनित्यत्वात् ॥ नैवंशक्यम् ॥ सपर्यगाच्छुक्रमकायमव्रणमस्नाविर ठं. शुद्धमपापविद्धमित्यादिश्रुतिविरोधात् ॥ ईश्वरस्यानन्तान्तर्यामिसर्वव्यापकस्यजन्ममरणदेहधारणादेरसम्भवात् ॥ सावयवदेहधारिणस्संयोगजन्यादिमतोनित्येश्वरत्वयोरसम्भवाच्च ॥ योजन्ममरणशरीरधारणादिव्यवहारवान्सईश्वरएवनभवतितर्हीदानीन्तनस्यसहजानन्दस्यतुकाकथा ॥ तस्यसहजानन्दस्याचार्यत्वमेवासङ्गतम् ॥ कुतोमृतस्याध्यापनेसामर्थ्याभावात् ॥ सगुरुमेवाभिगच्छेत्समित्पाणिःश्रोत्रियम्ब्रह्मनिष्ठम् ॥ उपनीयतुयश्शिष्यंवेदमध्यापयेद्द्विजः ॥ सरहस्यंसकल्पञ्चतमाचार्यम्प्रचक्षत इतिब्राह्मणमनुसाक्ष्यवर्तमानाभिप्रायस्यविद्यमानत्वात्तद्रचितस्यशिक्षाग्रन्थस्यदर्शनेनसहजानन्देशिष्टशिक्षाविद्याविरहत्वेपाखण्डाचाराविज्ञायन्ते ॥ तस्याःशिक्षापत्र्याः सहजानन्दरचितायाआदिमोयंश्लोकः ॥ वामेयस्यस्थिताराधाश्रीश्चयस्यास्तिवक्षसि ॥ वृन्दावनविहारान्तंश्रीकृष्णंहृदिचिन्तये ॥ १ ॥ राधावामेदक्षिणेपश्चिमे पुरतोधउपरिवाक्वस्थितेतिप्रत्यक्षानुमानाप्तशब्दैःकस्यापिनिश्चयोनास्त्यतएवसहजानन्दस्यमिथ्यैवकल्पनास्तीतिवेद्यम् ॥ वक्षस्येवश्रीर्वर्त्ततइत्युच्यतेचेत्तर्हिमुखाद्यङ्गेषुदरिद्रास्तीतिस्वीक्रियताम् ॥ कृष्णस्तुद्वारिकासन्निधौमरणंप्राप्तवानित्युक्तंमहाभारते ॥ इदानींकृष्णस्यजीवोनजानेक्वास्तिवृन्दावनेविहरन्कृष्णःकेनापिनदृश्यते ॥ किन्तुबहवःपा

निराकारोभगवान्परमात्मैवसर्वैस्से व्योवन्द्यश्चातोन्योनैववन्द्यस्सेव्यश्चेतिनिश्च
यः॥ ६२॥ अतएवाभगवत्पाषाणादिमूर्त्तिमन्दिरंभगवन्मन्दिरंमन्यमानस्यतत्
चसायंसर्वैरन्वहंगन्तव्य मनीश्वरस्यमरणजन्मवतोराधिकापतेर्मृतस्यकृष्णस्यो
च्चैर्नामसंकीर्त्तनंकार्यमितिमिथ्योपदेशंप्रबुक्तस्सहजानन्दस्यवेदविद्याकिञ्चि
न्मात्रापितस्यनासीदसदुपदेशाच्चसद्गतिरपितस्यनाभू दित्यनुमीयतेअस्यमि
थ्योपदेशस्ययेस्वीकारञ्चक्रुःकुर्वन्तिकरिष्यन्तिचतेषामपिसद्गतिर्नभुतानभव
तिनभविष्यतिचकिन्तुवेदसद्विद्यातत्रोपदिष्टंन्यायम्पक्षपातरहितंवैरबुद्धि त्या
गादिलक्षणंधर्मञ्चयथावद्येस्वीकरिष्यन्ति सर्वशक्तिमन्न्यायकारिदयालुत्वा
दिलक्षणस्यनिराकारपरमेश्वरस्यस्तुतिप्रार्थनोपासनाश्चयथावद्येचकरिष्यन्ति
तेषामेवसद्गतिरभूद्भवतिभविष्यतिचेतिसर्वैर्वेदितव्यम् ॥ एवमेवअग्रस्थाः
श्लोकाःप्रायोशुद्धास्सन्तीत्यतउपक्ष्यन्ते ॥ ६३ ॥ एकादशीनांसर्वा
सांकर्त्तव्यंव्रतमादरात् ॥ कृष्णजन्मदिनानाञ्चशिवरात्रेश्चसोत्सवम् ॥
॥ ७९ ॥ एकादश्यादीनिव्रतानिवेदेक्वापिनविहितानि ॥ किन्तुब्रह्मचर्य
सत्यभाषणादीन्येवव्रतानिकर्त्तुंविहितानि ॥ अतएवैकादश्यादीनांव्रतानामा
चरणंव्यर्थमेवेतिपरामर्शः॥ ७० ॥ सर्ववैष्णवराजश्रीवल्लभाचार्यनन्दनः॥
श्रीविठ्ठलेशःकृतवान्यंव्रतोत्सवनिर्णयम् ॥ ८१ ॥ कार्यस्तमनुसृत्यैवसर्व
एवव्रतोत्सवः ॥ सेवारीतिश्चकृष्णस्यग्राह्यातदुदितैवहि ॥ ८२ ॥ कर्त्त
व्याद्वारिकामुख्यतीर्थयात्रायथाविधि ॥ सर्वैरपियथाशक्तिभाव्यंदीनेषुवत्सलैः
॥ ८३ ॥ विष्णुःशिवोगणपतिःपार्वतीचदिवाकरः ॥ एताःपूज्यतयामा
न्यादेवताःपञ्चमामकैः ॥ ८४ ॥ भूताद्युपद्रवेक्वापिवर्मनारायणात्मकम् ॥
जप्यञ्चहनुमन्मन्त्रोजप्योनक्षुद्रदेवतः ॥ ८५ ॥ सर्ववैष्णवराजश्रीवल्लभाचा
र्यनन्दनोविठ्ठलेशः परधनहरणंधर्मनाशनंव्रतंपरस्त्रीगमनादिव्यभिचारोत्स
वमपिचकृतवांस्तत्कार्यत्वेनातिदिशतःसहजानन्दस्यापिदोषापत्तिरेवमन्तव्ये
ति ॥ ८१ ॥ द्वारिकायास्तीर्थयात्रामुपदिशतः सहजानन्दस्यभ्रान्त्या

पत्तिरेवाविज्ञायते ॥ कुतः ॥ जडेपाषाणजलादौतीर्थोपदेशाभावात्त
द्यात्राकरणोपदेशोदुःखफलकएवास्ति ॥ किञ्च ॥अहिंसन्सर्वभूता
न्यन्यत्रतीर्थेभ्यइतिछान्दोग्योपनिषदि ॥ सतीर्थ्यस्सब्रह्मचारीचे
त्यादिप्रमाणार्थव्यवहारस्यविद्यमानत्वाद्वेदेश्वर विज्ञानानामेवतीर्थसंज्ञामन्तव्ये
त्युपदेशः। यैरविद्याजन्ममरणहर्षशोकादिदुःखानितरन्तितानितीर्था
नीतिनिरुक्तेश्च॥ शिवविष्णुगणपतिपार्वत्यादीनान्देहधारिणांमृतानांवेदेषुपू
जानभिधानाद्रवेर्जडत्वाच्चपूजानिष्फलापरमेश्वरएकएवपूज्यस्तत्रपञ्चत्वाभा
वादेताःपूज्यतयामान्याइतिसहजानन्दस्योपदेशोसद्भूतएवास्तीतिबोध्यम् ॥
॥ ८४ ॥ भूताद्युपद्रवनिवारणार्थंनारायणकवचपाठंहनुमन्मन्त्रजपञ्चोप
दिशतिसहजानन्देभ्रान्तिरेवसिध्यति ॥ अतस्तदुपदेशप्रमाणंव्यर्थमेव ॥
॥ ८९ ॥ वेदाश्चव्याससूत्राणिश्रीमद्भागवताभिधम् ॥ पुराणंभारतेतुश्री
विष्णोर्नामसहस्रकम् ॥९३ ॥ तथाश्रीभगवद्गीतानीतिश्चविदुरोदिता ॥
श्रीवासुदेवमाहात्म्यंस्कान्दवैष्णवखण्डगम् ॥ ९४ ॥ धर्मशास्त्रान्तर्गताच
याज्ञवल्क्यऋषेःस्मृतिः ॥ एतान्यऽष्टममेष्टानिसच्छास्त्राणिभवन्तिहि ॥
॥ ९५ ॥ स्वहितेच्छुभिरेतानिमच्छिष्यैःसकलैरपि ॥ श्रोतव्यान्यथपाठया
निकथनीयानिचद्विजैः॥ ९६ ॥ तत्राचारव्यवहृति । निष्कृतानाञ्चनि
र्णये ॥ ग्राह्यामिताक्षरोपेतायाज्ञवल्क्यस्यतुस्मृतिः ॥ ९७ ॥ श्रीमद्भागव
तस्यैषुस्कन्धौदशमपञ्चमौ ॥ सर्वाधिकतयाज्ञेयौकृष्णमाहात्म्यबुद्धये॥९८॥
दशमःपञ्चमःस्कन्धोयाज्ञवल्क्यस्यचस्मृतिः ॥ भक्तिशास्त्रंयोगशास्त्रंधर्म
शास्त्रंक्रमेणमे ॥ ९९ ॥ शारीरकाणांभगवद्गीतायाश्चावगम्यताम् ॥ रामा
नुजाचार्यकृतंभाष्यमाध्यात्मिकम्मम ॥ १०० ॥ एतेषुयानिवाक्यानिश्री
कृष्णस्यवृषस्यच ॥ अत्युत्कर्षपराणिस्युस्तथाभक्तिविरागयोः ॥ १०१ ॥
मंतव्यानिप्रधानानितान्येवेतरवाक्यतः ॥ धर्मेणसहिताकृष्णभक्तिःकार्येति
तद्रहः ॥१०२॥ वेदाश्चेत्यादयःश्लोकाःप्रायोशुद्धाःसन्ति ॥ श्रीमद्भागवता

दिपुराणानांभारतेविष्णोः सहस्रनाम्नाम्भगवद्गीतायाश्चस्वीकारादन्येषान्तत्र स्थानांश्रेष्ठानामपित्यागाद्वासुदेवमाहात्म्यस्यैवग्रहणादन्यस्याग्रहणान्मिताक्ष राटीकान्वितायायाज्ञवल्क्यस्मृतेरेवग्रहणात्पूर्वमीमांसादिशास्त्राणाम्मनुस्मृते श्चाग्रहणादविद्वत्त्वैवदृश्यतेसहजानन्देसर्वेभ्यश्चैवस्कन्धेभ्योतीवाशुद्धस्यमिथ्या भूतधर्मकथाप्रतिपादकस्यदशमस्कन्धस्यसर्वाधिकतयास्वीकारा द्विषयास क्तोवेदनिन्दकोपिसहजानन्दोस्तीतिविज्ञायते ॥९८॥ दशमस्कन्धेभक्तिशा स्त्रस्यलेशोपिनास्तिकिन्तु व्यभिचाराद्यधर्मप्रतिपादनन्तत्रास्त्येवप्रसिद्धम् ॥ पञ्चमस्कन्धेयोगशास्त्रप्रतिपादनन्नास्तिकिन्तुयोगाभासप्रतिपादनन्तुतत्रा- स्त्येव॥ श्रौतसूत्रमीमांसादेधर्मशास्त्रस्यतिरस्कारात्पिष्टपेषणवद्दूषितायाया ज्ञवल्क्यस्मृतेःस्वीकारात्सहजानन्दस्यवेदोक्तानांकर्मोपासनाज्ञानकाण्डानांबो धएवनास्तीतिविज्ञायते ॥ ९९॥ रामानुजकृतस्यशारीरकसूत्रभाष्यस्याश शुद्धस्यस्वीकारादविवेकस्सहजानन्देस्त्येवेतिविज्ञायते ॥ १०० ॥ श्रीकृष्णे नवेदस्यैवखल्वत्युत्कर्षोमतःनचस्ववाक्यानाम् ॥ अतएवसहजानन्देनात्युत्क र्षपराणितद्वाक्यानिस्युरित्युक्तत्वाद्भ्रान्तएवसमन्तव्यः ॥ १०१ ॥ वेदवा क्यान्येवसर्वोत्कृष्टानिसन्तीतिब्रह्मादीनामिदानीन्तनान्तानांचविदुषांसिद्धान्ते विद्यमानेवेदेभ्योपिकृष्णवाक्यान्येवप्रधानान्येवंप्रब्रुवन्सहजानन्दोलज्जामपिन प्राप्तवानिति ॥१०२॥हृदयेजीववज्जीवेयोन्तर्यामितयास्थितः॥ ज्ञेयःस्वत न्त्रईशोसौसर्वकर्मफलप्रदः ॥ १०७ ॥ सश्रीकृष्णःपरब्रह्मभगवान्पुरुषो त्तमः ॥ उपास्यऽइष्टदेवोनःसर्वाविर्भावकारणम् ॥ १०८ ॥ सराधया युतोज्ञेयोराधाकृष्णइतिप्रभुः ॥ रुक्मिण्यारमयोपेतोलक्ष्मीनारायणःसहि ॥ ॥ १०९ ॥ ज्ञेयोऽर्जुनेनयुक्तोसौनरनारायणाभिधः ॥ बलभद्रादियोगेन तत्तन्नामोच्यतेसच ॥ ११० ॥ जीववन्नकदाचिदीशोभवतिसर्वज्ञसर्वशक्त्या नन्तनिर्विकारत्वादिस्वभावत्वात् ॥ १०७ ॥ जन्ममरणहर्षशोकाल्पशक्त्या दिवत्त्वात्कृष्णःपरंब्रह्मभगवान्पुरुषोत्तमःकदाचिन्नैवसम्भवति ॥ पुनःसर्वेश

किमन्तंन्यायकारिणंदयालुंसर्वान्तर्यामिणंसच्चिदानन्दस्वरूपंनिर्दोषंनिराकार
मजंविभुंवेदयुक्तिसिद्धंपरमात्मानंविहायजन्ममरणादिव्यवहारवन्तञ्जीवंकृष्ण
मुपास्येष्टदेवत्वेनयःसहजानन्दःकथयतिसवेदपदार्थविद्याविहीनएवविज्ञेयः ॥
॥ १०८ ॥ राधात्वनयाख्यगोपस्यस्त्र्यासीन्नकृष्णस्य ॥ कृष्णस्यरुक्मिण्ये
वस्त्रीपुनस्तस्यलक्ष्मीनारायणसंज्ञैवायोग्येतिवेदितव्यम् ॥ १०९ ॥ तत्तन्ना
मोच्यतेसचेतिसहजानन्दस्योक्तिरन्यथैव ॥ कुतः ॥ सर्वज्ञज्ञानमन्तरासह
जानन्दस्येदंकथनमयुक्तञ्चातोबोध्यम् ॥ ११० ॥ तस्यैवसर्वथाभक्तिः
कर्त्तव्यामनुजैर्भुवि ॥ निश्श्रेयसकरंकिञ्चित्ततोऽन्यन्नेतिदृश्यताम् ॥
॥ ११२ ॥ कृष्णस्यापिकल्याणञ्जातन्नवेतिविदुषांसन्देहः ॥ सचपरमेश्व
रस्यैवभक्तिंकृतवानुपदिष्टवांश्चपुनस्तस्यैवसर्वैर्मनुष्यैर्भक्तिःकार्याततोन्यत्कल्या
णकरंकिञ्चिन्नास्त्येवेतिवदन्सहजानन्दोविद्याहीनएवासीत् ॥ ११३ ॥
गुणिनांगुणवत्तायाज्ञेयंह्येतत्परंफलम् ॥ कृष्णेभक्तिश्चतत्संगोऽन्यथायांति
विदोप्यधः ॥ ११४ ॥ गुणिनांगुणवत्तायेत्येवंछन्दोविरुद्धाअशुद्धाःश्लोका
स्सन्तिबहवःशिक्षापत्र्यामतोविज्ञायतेसहजानन्दस्यछन्दोविज्ञानमपियथावन्ना
सीदिति ॥ कृष्णेमृतेभक्तिरेवाशक्यानिष्फलावेदविरुद्धाचास्ति ॥ विद्वांस
स्तुसदैवसद्गतिंप्राप्नुवन्तिविद्यायाःप्रकाशस्वरूपत्वात् ॥ किञ्चाविद्वांसएव
सहजानन्दसदृशाअसद्गतिंगताइतिविज्ञायते ॥ कुतः ॥ अविद्यायाअ
धर्माचरणान्धकारवत्त्वात् ॥ ११४ ॥ निजात्मानंब्रह्मरूपंदेहत्रयविलक्षण
म् ॥ विभाव्यतेनकर्त्तव्याभक्तिःकृष्णस्यसर्वदा ॥ ११५ ॥ निजात्माजी
वब्रह्मस्वरूपश्चेद्ब्रह्मणातुल्यत्वंतस्मिन्कुतोनदृश्यते ॥ तुल्यत्वञ्चचेत्तर्हिब्रह्म
णासकलञ्जगद्रचितञ्जीवेननवीनञ्जगत्किञ्चिन्मात्रमपिकुतोनरच्यते ॥
जीवब्रह्मणोरैक्यञ्चेत्तर्हिब्रह्मैवाविद्याजन्ममरणहर्षशोकशीतोष्णसुखदुःखज्व
रपीडाबन्धादिदोषयुक्तञ्जातमेवेतिस्वीक्रियताम् ॥ जीवाद्ब्रह्मभिन्नञ्चेत्प्र
तिज्ञाहानिः कृष्णोपिब्रह्मभक्तएवंसर्वेजीवैरपिब्रह्मभक्तैवभावितव्यन्नैवान्यस्यक

स्यचित्कृष्णादेर्जीवस्यचेति ॥ एवंकृष्णस्यभक्तिःसर्वदाकार्येतिसहजानन्दे महतींदोषापत्तिरितिविज्ञातव्यम् ॥ ११९ ॥ मतंविशिष्टाद्वैतंमेगोलोकोधामचेप्सितम् ॥ तत्रब्रह्मात्मनाकृष्णसेवामुक्तिश्चगम्यताम् ॥ १२१ ॥ चक्राङ्कितवत्सहजानन्दस्यमतमस्तीतिविज्ञातव्यम् ॥ विशिष्टाद्वैतशब्दस्यैवमर्थः क्रियते अविद्याविशिष्टोजीवोमाययाविशिष्टईश्वरः॥ विशिष्टोनाममिलितः॥ केचिदेकांमायामीश्वरस्यैवस्वीकुर्वन्ति ॥ एवञ्चतुर्णांत्रयाणांवापदार्थानांवर्तमानत्वादद्वैतमेवदुर्लभम् ॥ द्वितीयेनविनाविशिष्टएवनभवति॥ विशिष्टश्चविशिष्टश्चविशिष्टौमाया-ऽविद्याभ्यांयुक्तौजीवेशौतयोरद्वैतंविशिष्टाद्वैतम् ॥ द्वयोरद्वैतंकदाचिन्नसम्भवति ॥ किन्तुखल्वद्वैतंकेवलमेकंब्रह्मैवास्ति ॥ तद्यथासजातीयंविजातीयंचद्वितीयंब्रह्मणैवनास्त्येवंस्वगतभेदोपिब्रह्मणिनास्त्येवसंयोगवियोगाभावात् ॥ अतएवएकमेकरसमद्वितीयंब्रह्मैवास्तीतिवेदयुक्तिसंमतोह्यद्वैतशब्दार्थोवेदितव्यः ॥ एवंसतिरामानुजसहजानन्दयोर्मतमशुद्धमेववेदितव्यम् ॥ गवाम्पशूनांलोकोधाममचेतिस्वीकारात्सहजानन्देपशुप्रियत्वमेवसमगच्छतिस्वजातिपरत्वप्रवाहस्यविद्यमानत्वात् ॥ गोलोकएवनिवासत्वात्कृष्णसेवावन्धनत्वाच्चसैवमुक्तिरितिसहजानन्दादिप्रलापोमिथ्यैवेति विज्ञायताम् ॥१२१॥ मयाप्रतिष्ठापितानांमंदिरेषुमहत्सुच ॥ लक्ष्मीनारायणादीनां सेवाकार्यायथाविधि ॥१३०॥ सहजानन्देनान्यैर्वाप्रतिष्ठापिताविद्याधर्मविरुद्धेषुमिथ्याधनगतव्ययेषुमहत्सुमन्दिरेषुपाषाणादिमूर्त्तयोलक्ष्मीनारायणादयः कदाचिन्नैवभवन्तिवेदानभिहितानाम्पाषाणादिमूर्त्ती नाञ्जडत्वाल्लक्ष्मीमानारायणादीनान्तदानीञ्चेतनत्वात्पाषाणादिमूर्त्तीनांयथाविधिखण्डनमेवकर्त्तव्यन्नैवचपूजनमिति ॥ १३० ॥ अथैतयोस्तुभार्याभ्यामाज्ञयापत्युरात्मनः ॥ कृष्णमंत्रोपदेशश्चकर्त्तव्यःस्त्रीभ्यएवहि ॥ १३३ ॥ सहजानन्देनविदितमुपदेशमन्तरास्त्रीभ्योपिधनलाभएवनभविष्यत्यतएवंकपटम्प्रसारितम् ॥ तदपि-परमात्ममन्त्रोपदेशंविहायमृतस्यकृष्णस्यमन्त्रोपदेशञ्चोक्तवानतः सहजान-

न्द्वोधनलोभ्यज्ञानीचेतिविज्ञायते ॥ १३२ ॥ निजवृत्त्युद्यमप्राप्तधनधान्यादि तश्चतैः ॥ अप्योंदशांश:कृष्णायविंशांशस्त्विहदुर्बलैः ॥ १४७ ॥ परधन हरणार्थंनिजसुखार्थञ्चसहजानन्दस्यप्रसिद्धंकापट्यमेवदृश्यते ॥ विनापरि श्रमेणदशांशंविंशांशधनङ्गृहीत्वापुष्कलंसंसारस्थंविषयभोगंवयंकुर्मइत्यभिप्रा यस्तस्यास्तीतिनिश्चयः ॥ पुनरन्यथावदतिकृष्णायसमर्प्यमिति ॥ कृष्णस्तु मृतःसदशांशंविंशांशञ्चधनंग्रहीतुंनैवागच्छतिकदाचिन्नैतादृशंतस्यदारि द्र्यमासीत् ॥ तस्मात्सहजानन्दस्यमहतीधूर्त्ततावेदितव्यायथागोकुलस्थानां वल्लभप्रभृतीनाञ्च ॥ ईदृशानांधूर्तानांसम्प्रदायप्रवृत्त्यार्य्यावर्तदेशस्यमहती हानिर्जाताऽतःसर्वैःसज्जनैरिदानींदृढप्रयत्नेनसद्यइमेसर्वेसम्प्रदाया निवर्तनी याअन्यथास्वदेशस्यभद्रन्नैवभविष्यतीतिनिश्चेतव्यम् ॥ १४७॥ एकादशीमु खानाञ्चव्रतानांनिजशक्तितः ॥ उद्यापनंयथाशास्त्रंकर्तव्यंचिंतितार्थदम् ॥ १४८ ॥ कर्त्तव्यंकारणीयंवाश्रावणेमासिसर्वथा ॥ बिल्वपत्रादिभिःप्री त्याश्रीमहादेवपूजनम् ॥ १४९ ॥ इयमपिसहजानन्दस्यधूर्त्ततास्ति ॥ य द्येकादश्यादिव्रतानिनकरिष्यन्तितर्ह्युद्यापनेनविनाधनलाभो शिष्येभ्योनैवभ विष्यतिपुनश्चश्रावणेमासिमहादेवपूजनमर्थात्पाषाणादिमूर्त्तिपूजनेन विनापि धनप्रतिष्ठेशिष्येभ्योनैवलप्स्यामहएतदर्थंसहजानन्दस्यकापट्यंवेदितव्यम् ॥ ॥ १४८ ॥ १४९ ॥ देवताप्रतिमांहित्वालेख्याकाष्ठादिजापिवा ॥ नेयो षित्प्रतिमास्पृश्यानवीक्ष्याबुद्धिपूर्वकम् ॥ १७७ ॥ स्वमन्दिरेषुसहजानन्दे नराधायामूर्तिःकिमर्थास्थापितासास्त्रीनासीत्किंपुनश्चवामेयस्य स्थिताराधा श्रीश्चयस्यास्तिवक्षसीतिस्त्रीकथासहजानन्देनकिमर्थाकथितोपदिष्टाचताश्च साध्व्यादिभिस्तच्छिष्यैर्बुद्धिपूर्वकंकिमर्थावीक्ष्यन्तेतासांराधादीनाञ्चकथाकि मर्थाक्रियते ॥ अतएवप्रमत्तगीतवत्प्रलापात्सहजानन्दादिषुवदतोव्याघातदो षोबहुशआगच्छतीतिवेद्यम् ॥ १७७ ॥ सर्वेन्द्रियाणिजेयानिरसनातुविशे षतः ॥ नद्रव्यसंग्रहःकार्यःकारणीयोनकेनचित् ॥ १८८ ॥ न्यासोर

क्ष्येनकस्यापिधैर्यंत्याज्यनकर्हिचित् ॥नप्रवेशयितव्याचस्ववासेस्त्रीकदाचन ॥ १९० ॥ साधुभिरेवेन्द्रियजयादिकंकर्तव्यमित्युपदिश्यतेभवतातर्हिभवान साधुरस्तिकिंगृहस्थेनजितेन्द्रियादिकंनैवकर्त्तव्यंकिम् ॥ १९९ ॥ कस्य चिन्न्यासस्थापनन्नैवरक्षणपिञ्चेद्विद्याधर्मेश्वरप्रार्थनास्तुत्युपासनानैवस्थाप्या : किम् ॥ वेदयुक्तिधर्मविरुद्धस्यस्वसम्प्रदायस्थापनंकिमर्थंक्रियतेसहजानन्देन चकिमर्थंकृतम् ॥ किन्त्वीदृशस्यपाखण्डस्यखण्डनमेवसर्वैः कर्त्तव्यंसद्धर्ममण्ड नञ्चेति ॥ १९० ॥ इतिसंक्षेपतोधर्माःसर्वेषांलिखितामया ॥ सांप्रदायिक ग्रन्थेभ्योज्ञेयएषान्तुविस्तरः ॥२०३ ॥ सच्छास्त्राणांसमुद्धृत्यसर्वेषांसारमात्म ना ॥ पत्रीयंलिखितानृणामभीष्टफलदायिनी ॥२०४॥ इतिसंक्षेपतइति॥ धर्मस्यतुलेशमात्रमपिप्रतिपादनंनैवात्रकृतम् ॥ किन्तुस्वकपोलकल्पनेनस्व भ्रान्तिःप्रकाशितादृश्यते॥ वेदादिषुधर्मोयथावल्लिखितोस्तितज्ज्ञानमेवसहजा नन्दस्यनास्तिलिखितस्यधर्मस्यपुनर्लेखनंव्यर्थमेवपिष्टपेषणवद्दोषात् ॥ सर्वेषां मनुष्याणांसनातनः साम्प्रदायिकोग्रन्थोवेदएवास्ति ॥ पुनःशिक्षापत्र्यादि ग्रन्थरचनंव्यर्थमेवविज्ञेयम् ॥ विस्तरइत्यशुद्धंकिन्त्वत्रविस्तारइतिभवितव्यम्॥ प्रथनेवावशब्दइतिव्याकरणनियमात् ॥ कथनश्रवणोपाधावेवविस्तरेतिभवि तव्यन्नान्यत्रेतिनिश्चयः ॥ २०३ ॥ सहजानन्दस्यसच्छास्त्राणाम्बोधोध्य यनञ्चापिनासीदितिविज्ञायते वेदविरुद्धपाषाणादिमूर्त्तिपूजनण्ठीतिलक धारणञ्चेत्यादिमिथ्याप्रतिपादनात् असारभूतेयम्पत्रीलिखितेतिविज्ञाय ते ॥ अभीष्टफलदायिनीतिप्रलोभनमात्रंसर्वेषामभीष्टंसुखमेवभवतिनचदुः खंतत्तुशिक्षापत्रीपाठादिनासर्वदासुखङ्कर्त्तुमनुभवविरुद्धमेव ॥ ईदृक्कथनेनस हजानन्देलोभादयोदोषाविज्ञायन्तेप्रलोभनेन विनासम्प्रदायस्यवृद्धिर्नभवति तद्वृद्ध्याविनाप्रतिष्ठाधनप्राप्तिश्चनभवतिपुनर्यथेष्टंविषयसुखंनलभ्यतेहीतिसह जानन्दस्यबुद्धौकपटमासीदितिविज्ञेयम् ॥२०४॥ वर्त्तिष्यन्तेयइत्थंहिपुरुषा योषितस्तथा ॥ तेधर्मादिचतुर्वर्गसिद्धिंप्राप्स्यन्तिनिश्चितम् ॥२०६ ॥ पा

षाणादिमूर्त्तिपूजनादिपाखण्डेनसहयेपुरुषाः स्त्रियश्चवर्त्तिष्यन्तेतेधर्मार्थकाम मोक्ष सिद्धिन्तुनप्राप्स्यन्तिकिन्त्वधर्मानर्थकुकामदृढबन्धसिद्धिमेवप्राप्स्यन्तीति निश्चयः ॥ २०६ ॥ नेत्थंयआचरिष्यन्तितेत्वस्मत्संप्रदायतः ॥ बहिर्भूता इतिज्ञेयंस्त्रीपुंसैःसांप्रदायिकैः ॥ २०७ ॥ पाषाणादिमूर्त्तिपूजनङ्कण्ठीतिलकादिपाखण्ड चिन्हधारणङ्कदाचित्केनचिदपिनैवकर्त्तव्यमितीत्थंवर्त्तन्तेते धर्मार्थकाममोक्षाणांसिद्धिंप्राप्नुवन्त्येव ॥ येवेदादिसत्यशास्त्रोक्तंसनातनंसत्यम्प क्षपातरहितंन्यायंधर्मंहित्वा शिक्षादिकपोलकल्पितान्पक्षपातपिष्टपेषणदोषव दूषितान्सहजानन्दादिरचितान्वेदपठनमार्गविरोधिनोग्रन्थान्येस्वीचक्रुः कुर्वन्तिकरिष्यन्तिचता नेवनास्तिकत्वदोषयुक्तान्सत्यधर्मबहिर्भूतान्शिष्टाविजानीयुरितिसिद्धम् ॥ २०७ ॥ शिक्षापत्र्याःप्रतिदिनंपाठोस्यामदुपाश्रितैः ॥ कर्त्तव्योनक्षरज्ञैस्तुश्रवणंकार्यमादरात् ॥२०९॥ वक्रभावेतुपूजैवकार्यास्याः प्रतिवासरम् ॥ मद्रूपमितिमद्वाणीमान्येयंपरमादरात् ॥ २०८ ॥ युक्तायसम्पदादैव्यादातव्येयन्तुपत्रिका ॥ असुर्यासम्पदाढ्यायपुंसेदेयानकर्हिचित् ॥ २१० ॥ वेदानांपठनंश्रवणञ्चविहायशिक्षापत्र्यादीनांसहजानन्दादिकपोलकल्पितानांग्रन्थानांपठनश्रवणेव्यर्थेएवेतिवेदितव्यम्॥२०८ ॥ईदृशस्यजडस्यव्यर्थपुस्तकस्यपूजाकरणोपदेशोऽयुक्तएव ॥ वाणीजीवस्यरूपमेवनभवतिकदाचित्पुनःपरमादरान्मान्यातुनकिन्तुपरमप्रयत्नात्खण्डनीयाऽशुद्धत्वादिति॥ एतत्कथनंसहजानन्दस्याज्ञानिनोबालान्भ्रामयित्वाकपटे नधनादिकन्तेभ्योहर्त्तव्यमित्यभिप्रायः ॥२०८॥ योदैव्यासम्पदायुक्तोजनस्त्विमांशिक्षापत्रींकदाचिन्नैवग्रहीष्यतितस्मिन्विद्याप्रकाशस्यविद्यमानत्वात् ॥ यस्त्वविद्याद्यासुरसम्पद्युक्तएतांस्वीकरोति तस्मिन्सम्प्रदाहशब्दवाच्यस्यसम्प्रदायाग्रहान्धकारस्यविद्यमानत्वात् ॥ सम्यक्प्रकृष्टतयादग्धज्ञानाभवन्तियस्मिन्सोयंसम्प्रदाहः ॥ इदानीन्तनास्सम्प्रदायावेदविरुद्धास्सर्वेसम्प्रदाहशब्दवाच्याएवेवेदितव्याइतिपरामर्शः ॥ २१० ॥मरणसमयेस्वशिष्याणांहस्तंगृही

त्वाविमानस्योपरिस्थापयित्वावैकुण्ठंनयतिसहजानन्दःपरमसुखञ्चददातीति मिथ्याप्रलापःसहजानन्दशिष्यादिमुखाच्छ्रूयतेससत्योवामिथ्या ॥ मिथ्यैवे तिनिश्चयः ॥ कथंयोमृतःसआगन्तुम्पूर्वदेहकार्यंकर्त्तुञ्चनैवसमर्थोभवति ॥ यदिसमर्थःस्यात्तर्हितत्सम्प्रदायस्थैश्छलादि व्यवहारेणधनादिपदार्थाःपुष्क लास्स्वाधिनाः कृतास्तद्भोगंकर्तुमप्यवश्यमागच्छेद्भोगार्थञ्चनचैवागच्छति किमतोविज्ञायतेछिन्ननासिकसम्प्रदायवदज्ञानिजनमोहार्थंतादृशंकथनंतेकु र्वन्तिनैतत्सज्जनैर्मन्तव्यमिति॥स्वशिष्यालोहादिभिश्चक्रादीनाञ्चिन्हानिरच यित्वाग्नौप्रतप्यबाहू मूलेचसजीवान्देहान्दग्धयन्तिसहजानन्दसम्प्रदायादि स्थाअहोमहत्पापमितिवेद्यम् केचित्तुबकवृत्तिवत्साधवोजातास्तेस्त्रीदर्शना दिकंनकुर्वन्तिधातुस्पर्शञ्च ॥ तदाचार्योगृहस्थोस्तिचसप्रलाभनाद्यनेकम न्दिरादिमिथ्याव्यवहारैर्धनादिकंहरतितेचसाधवोहारयन्तिद्वौविवाहावप्येक कृतवानीदृगन्यथाव्यवहारोयस्मिन्सम्प्रदायेवर्त्ततेतस्मिन्सम्प्रदायेकल्याणस्यप्र त्याशाकेनापिनैवकर्त्तव्येतिसज्जनैर्वेदितव्यम् ॥ इतिसहजानन्दसम्प्रदायस्य दोषदर्शनंदिङ्मात्रमिहवर्णितमधिकञ्चस्वबुद्ध्योहनीयमिति । सर्वात्मासच्चि दानन्दोजो नन्तस्सर्वशक्तिमान् ॥ भूयात्तमांसहायोनोन्यायकारीशुचिः प्रभुः ॥ १ ॥ भूमिरामाङ्कचन्द्रेब्देसहस्यस्याऽसितेदले ॥ एकादश्याम र्कवारेग्रन्थोयम्पूर्त्तिमागमत् ॥ २ ॥

# સહજાનંદાદિ મતો પ્રતિપ્રશ્નો અને તે મતોનું ખંડન.

પ્રશ્ન—સહજાનંદ નામનો પુરૂષ કોણ છે?

ઉત્તર—સહજાનંદ નારાયણઅવતાર અને સ્વામિનારાયણ નામના પંથનો આચાર્ય છે.

પ્ર૦—નારાયણ કોણછે?

ઉ૦—ગોલોક અને વૈકુંઠવાસી, ચતુર્ભુજ, દ્વિભુજ અને લક્ષ્મી-પતિ ઇશ્વર છે.

પ્ર૦—તે હમણા છે કે નથી?

ઉ૦—ઇશ્વર નિત્યછે તેથી તે હમણા છે.

એમ થવું અશક્ય છે કારણ કે વેદમાં કહ્યું છે કેઃ—

"ઇશ્વર સર્વ વ્યાપક, વીર્યરૂપ, શરીર, છિદ્ર અને નાડી વગરનો, શુદ્ધ અને પાપ રહીત છે."

સર્વાન્તરયામિ અને સર્વ વ્યાપક ઇશ્વરને જન્મ મરણ અને દેહ ધારણ છેજ નહિ, જેને જન્મ, મરણ અને શરીર ધારણ થાય તેને ઈશ્વર કદિ કહેવાય નહિ ત્યારે આજ કાલના સહજાનંદ વિશે તે શું કહેવું? પ્રથમ તો મુડદાંને આચાર્યતું નામ મુદ્દલ ઘટતું નથી કારણ કે સહજાનંદ મરી ગયો અને તેથી અભ્યાસ કરાવવાને તે અસમર્થ છે. બ્રાહ્મણ ભાગમાં કહ્યુંછે કેઃ—

"પોતાનો ગુરૂ જો વેદ પઠિત અને માત્ર ઈશ્વરનેજ ભજતો હોયતો તે પાસે શિષ્યે પોતાના હાથમાં સમિધ્ નામનું લાકડું લઇને જવું જોઇએ." અને વળી મનુ પણ સાક્ષી આપછે કેઃ—

"બ્રાહ્મણ, ક્ષત્રિય અથવા વૈશ્ય ગુરૂ પોતાના શિષ્યને જનોઈ

આદિ ધર્મ ક્રિયા કરાવ્યા પછી વેદ અર્થ અને કલ્પસહિત ભણાવે તોજ તેને આચાર્ય કેહેવો."

સહજાનંદની રચેલી શિક્ષાપત્રી જોવાથી સિધ્ધ થાયછે કે સહજાનંદે તે પુસ્તકમાં બધું પાખંડ વર્ણવ્યું છે. સહજાનંદની શિક્ષાપત્રીના પ્રથમ શ્લોકનો અર્થ નીચે પ્રમાણે:—

"શ્રી કૃષ્ણ, જેની ડાબી બાજુએ રાધાજી ઉભાછે અને જેની છાતી ઉપર લક્ષ્મી બેઠી છે અને જે વૃંદાવનમાં ક્રીડા કરેછે તેનું હું હૃદયમાં ધ્યાન ધરૂંછું" ૧

રાધા વામે એટલે દક્ષિણ, પશ્ચિમ, આસપાસ ઉપર નીચે ક્યાં ઉભી છે તે પ્રત્યક્ષ અનુમાનવાલા શબ્દ કરીને કોઇને પણ નિશ્ચય થતો નથી, તેથી સહજાનંદે જે કલ્પના કરી તે વ્યર્થ છે. જ્યારે છાતી ઉપર લક્ષ્મી બેઠીછે ત્યારે કૃષ્ણના મહોડામાં દરિદ્રા બેઠીછે એમ માનવું પડશે. મહાભારતમાં કહ્યું છે કે "કૃષ્ણ દ્વારિકાની પડોશમાં મરી ગયો" હવે કોણ જાણે કૃષ્ણનો જીવ હમણા ક્યાં છે; કૃષ્ણ તો વૃંદાવનમાં ક્રીડા કરતો કોઇથી દેખાતો નથી, પણ વૃંદાવનમાં બહુ પાખંડ રૂપ પાષાણ આદિ મૂર્તિઓ દેખાયછે. નિરાકાર, જન્મ મરણ રહિત ઇશ્વરને છોડીને કૃષ્ણનું હું હૃદયમાં ધ્યાન ધરૂંછું એમ કહેવું મિથ્યા છે. "મુકુંદાનંદ આદિનૈષ્ઠિક બ્રહ્મચારી અને ભટ્ટ મયારામ વગેરે ગૃહસ્થો મારા આશ્રિતોછે." ૪

મુકુંદાનંદ આદિઓએ વેદ અને ઇશ્વર ઉપર આસ્થા રાખી નથી તેથી તેઓને નૈષ્ઠિક બ્રહ્મચારી નામ ઘટતુંજ નથી. એજ પ્રમાણે એના ઘણા ખરા શ્લોકો ભ્રષ્ટ અને અશુધ્ધ છે.

"રસ્તે ચાલતાં શિવાલય આદિ જે દેવમંદિર આવે તેઓને નમવું અને પ્રેમથી તેઓનાં દર્શન કરવાં." ૧૩

પાષાણ આદિ મૂર્તિના ઘરને દેવાલયનું નામ આપ્યું તેથી અને

વળી તેઓનું દર્શન કરવું એ પ્રમાણે અનર્થ વચન કહેવાથી માલમ પડેછે કે સહજાનંદ પદાર્થ વિદ્યા મુદ્દલ જાણતો નહોતો.

"પોતાના વર્ણાશ્રમનો જે ધર્મ તેનો કોઇએ ત્યાગ કરવો નહિ તેમજ પાખંડ કલ્પિત પરધર્મનું આચરણ કરવું નહિ" ૧૪

પ્રથમ સહજાનંદે વેદોક્ત સ્વવર્ણાશ્રમનો ત્યાગ શામાટે કર્યો જો કહેશો કે ત્યાગ નથી કર્યો તો વેદ વિરૂધ્ધ મૂર્તિ પૂજન, કંઠી તિલક ધારણ આદિ પાખંડોનુ આચરણ શું કરવા કરાવ્યું? આ ઉપરથી સિધ્ધ થાયછે કે સહજાનંદે પોતાના પગમાં પોતે કુવાડો માર્યોછે એટલે કે પોતાનું બોલેલું પોતે ધોઇ નાંખ્યું છે.

"જેના કહેવાથી કૃષ્ણભક્તિમાં ભંગ પડે તેવા પુરૂષના મુખમાંથી કદિ ભગવાન્‌ની કથા વાર્તા સાંભળવી નહિ." ૧૫

માત્ર કૃષ્ણનીજ ભક્તિ કરવામાં સ્વધર્મ રહ્યો છે એમ સહજાનંદનું કહેવું વ્યર્થ છે કારણકે વેદમાં જ્યાં વર્ણાશ્રમ પ્રતિપાદન પ્રકરણ ચાલ્યું છે ત્યાં કૃષ્ણની ભક્તિ કરવી એજ સ્વધર્મ છે એમ કહ્યું નથી.

આ ઉપરથી સમજવું કે સહજાનંદ અને તેના સંપ્રદાયવાળાઓના મુખેથી કદિ કોઇએ કથા વાર્તા સાંભળવી નહિ કૃષ્ણને (મુડદાંને) પ્રભુ નામ આપી શકાયજ નહિ કારણ કે એણે જન્મ મરણઆદિ દોષો વેઠયા.

"સ્ત્રી પાસેથી" શ્રુતિ અથવા જ્ઞાનવાર્તા મનુષ્યો એ સાંભળવી નહિ તેમજ સ્ત્રી, રાજા અને રાજ પુરૂષો સાથે વાદ વિવાદ કરવો નહિ." ૩૪

યાજ્ઞવલ્કયાદિ મહાન્ ઋષિઓએ ગાર્ગી વગેરે સ્ત્રીઓ સાથે ધર્મ વિષય ઉપર વિચાર કર્યો હતો તેથી સહજાનંદની કલ્પના માન્ય કરવા યોગ્ય નથી. "કૃષ્ણાદિક્ષાની પ્રાપ્તિઅર્થે તુલસીની બેવડી માલા પેહેરવી અને લલાટ વગેરે ભાગોઉપર ઉર્ધ્વવતિપુંડ્ર કરવું." ૪૧.

કૃષ્ણદિક્ષા તુળસીમાલાધારણ અને ઉર્ધ્વતિપુંડ્ર વગેરે જે કહ્યું તે સહજાનંદનું કહેવું મિથ્યા છે, કારણ કે એમ કરવું વેદ વિરૂધ્ધ અને યુક્તિરહિત છે. જો થોડું તિલક ધારણ કરવાથી પુણ્ય થાય છે તો કંઠીનો ભારો બાંધવાથી અને આખું મોહોડું શરીર લીંપી મુકવાથી અત્યંત પુણ્ય થાયછે એમ માનવું પડશે અને જો એમ માનતા હોતો એ કામ જલદી કરો; સહજાનંદના એવા એવા કેટલાક શ્લોકો ભ્રષ્ટ છે.

" વંશ પરંપરાથી જો બ્રાહ્મણ રૂદ્રાક્ષ ધારણ કરતો હોય તો તેઓ- એ મારા આશ્રિત થયા પછી તેનો ત્યાગ કરવો નહિ નારાયણ અને કેશવને એકજ આત્મપણું છે, કારણ કે વેદમાં એ બેઉને બ્રહ્મરૂપ ગણ્યા છે." ૪૭

તિપુંડ્ર રૂદ્રાક્ષનું ધારણ કરવું એમ જો સહજાનંદે માન્યું તો પ્રથમ સહજાનંદે પોતેજ રૂદ્રાક્ષ શા માટે તજી અને પોતાના સંપ્રદાયવાલાઓને શા માટે તજાવી "મારા આશ્રિતો" એવા વચન સહજાનંદે વારે વારે લખેલાં છે તે મિથ્યાછે, કારણ કે જેને જન્મ મર- ણાદિ દોષ નડ્યા એવા અવિદ્વાન્ જીવનો આશ્રય નિષ્ફલછે. નારાય- ણ અને શિવ બેઉ એકજ છે એમ સહજાનંદે ઉપર કહ્યું તે મિથ્યા છે કારણ કે વેદમાં શિવ અને નારાયણને બ્રહ્મરૂપ માનેલા નથી.

" આ પ્રમાણે કર્યા પછી રાધા કૃષ્ણાની છબી અથવા મૂર્તિનાં પ્રેમથી દર્શન કરીને યથાશક્તિ તેઓનો મંત્રજપ કરવો ત્યાર પછી સંસાર વ્યવહાર ચલાવવો." ૫૪.

રાધા કૃષ્ણને સહજાનંદે તેમ બીજા કોઇએ પ્રત્યક્ષ જોયાં નથી ત્યારે તેઓની છબી અથવા મૂર્તિ કેમ થાય આ ઉપરથી સાબિત થાયછે કે સહજાનંદ જે કહેછે તે બધું અસત્ય છે.

" પાષાણ અથવા ધાતુ વગેરેની બનાવેલી કૃષ્ણમૂર્તિની

શક્તિપ્રમાણે ફળ ફુલ વગેરે પદાર્થોથી પૂજા કરવી અને પછી કૃષ્ણનો અષ્ટાક્ષર મંત્ર જપવો." ૫૬.

આ શ્લોક ઉપરથી સિદ્ધ થાય છે કે સહજાનંદની બુદ્ધિ જડ હતી કારણ કે વેદ વિરૂદ્ધ પાષાણઆદિ મૂર્તિ પુજનનું એણે પ્રતિપાદન કર્યું છે વેદ વિરૂદ્ધ કૃષ્ણ મંત્ર જપવાથી સહજાનંદને નાસ્તિક નામ આપી શકાય છે.

"હરિને નૈવેદ્ય કર્યા પછી બાકી રહેલી પ્રસાદી પોતે આરોગવી અને કૃષ્ણ સેવામાં જેમ બને તેમ તત્પર રહેવું." ૫૮.

હરિ પ્રત્યક્ષ દેખાતો નથી અને મૂર્તિઓમાં ભોજન કરવાની શક્તિ નથી તે કારણથી મૂર્તિને નૈવેદ્ય ધરવું વ્યર્થછે; આ બધું છલકપટ છે કારણ કે જો એમ હોય તો પોતાના અંગુઠાના દર્શન અને ટનૂ ટનૂ પું પું કરીને ભોજન કરવામાં થોડો શ્રમ છે.

પોતાના આચાર્યે જે કૃષ્ણરૂપ આપ્યું હોય અને જેમાં પ્રાણપ્રતિષ્ઠા કરી આપી હોય તેનીજ માત્ર સેવા કરવી, અન્યની સેવા કરવી નહિ દરરોજ સાંજના ભગવત્ મંદિરમાં જવું અને ત્યાં રાધાપતિ કૃષ્ણનાં મ્હોટે અવાજે કીર્તન કરવાં." ૬૨—૬૩.

પાષાણ આદિમૂર્તિ સ્વરૂપ જેની પ્રતિષ્ઠા થાયછે તે કૃષ્ણ સ્વરૂપ થઇ શકે નહિ કારણ કે એતો માત્ર પથરાજ છે. એવા પથરા કોઇએ કદિ સેવવા નહિ તેમ તેઓને નમવું પણ નહિ. જે સર્વ શક્તિમાન્ અવતાર રહિત, ન્યાયકારી, દયાળુ, સર્વાન્તરયામી, સર્વવ્યાપક, નિરાકાર, શ્રેષ્ઠ અને પરમાત્મા છે તેની સર્વ લોકોએ પૂજા કરવી અને તેનેજ નમવું. સાંજના સર્વ લોકોએ ભગવદ્ મંદિરમાં જઇને પાષાણ આદિ મૂર્તિઓની અને જેને જન્મ્ મરણ થયાં એવા રાધાપતિ કૃષ્ણ નામના મુડદાની પૂજા કરવી અને તેનાં મ્હોટે અવાજે કીર્તન કરવાં એમ જે ઉપર કહ્યું તે બધો મિથ્યા ઉપદેશ છે; આ ઉપરથી

જણાયછે કે સહજાનંદ કુતરાની માફક ભસ્યોછે, તે વેદ વિદ્યા મુદ્દલ જાણતો નહોતો. અસત્ય ઉપદેશથી સદ્દગતિ સહજાનંદની પણ થઈ નહિ હોય એમ અનુમાન કરી શકાય છે. આ મિથ્યા ઉપદેશનો જે સ્વીકાર કરેછે અને જે બીજાઓને કરાવેછે, તેઓની સદ્દગતિ થઇ નથી, થતી તો નથી, અને થવાની પણ નથી; જે લોકો વેદાદિસદ્-વિદ્યા, પક્ષપાત રહિત ન્યાય અને વૈર બુધ્ધિ ત્યાગાદિ લક્ષણ ધર્મનો બોધ કરેછે તેઓને અને જે લોકો યથાવત્ એવા બોધનો સ્વીકાર કરેછે અને ન્યાયકારી, દયાળુ, નિરાકાર પરમેશ્વરની પ્રાર્થના, ઉપાસના તથા સ્તુતિ બરાબર કરશે તેઓનેજ માત્ર સદ્દગતિ પ્રાપ્ત થશે. એજ પ્રમાણે આગળ શ્લોકો અશુધ્ધ છે.

" એકાદશી આદિ સર્વ વ્રત્તો, રાખવાં; કૃષ્ણજન્મ દિવસે અને શિવરાત્રિ એ મ્હોટાં ઉત્સવો કરવાં." ૭૯

એકાદશી આદિ વ્રત્તો, વેદમાં કયાં લખ્યાં નથી પણ વેદમાં તો બ્રહ્મચર્ય, સત્ય ભાષણ આદિ વ્રત્તો કરવાં લખ્યાં છે આ ઉપરથી સાબિત થયું કે એકાદશી આદિ વ્રત્તો રાખવાં વ્યર્થછે.

" સર્વ વૈષ્ણવાધિપતિ જે વલ્લભાચાર્ય તેના પુત્ર વિઠલે જે જે ઉત્સવો નિર્માણ કર્યાંછે તે સર્વ ઉત્સવો વિઠલને અનુસરીને કરવાં, જે પ્રમાણે વિઠલે કૃષ્ણની સેવા કરી છે તે પ્રમાણે ગ્રહણ કરવી દ્વારિકાદિ મુખ્ય યાત્રાઓ શક્તિપ્રમાણે યથાવિધિ કરવી અને કંગાલ લોકોઉપર દયા રાખવી." મારા આશ્રિતોએ વિષ્ણુ, શિવ, ગણપતિ, પાર્વતી અને સૂર્ય એ પાંચ દેવતાને પૂજ્ય માનવા; ભૂત પ્રેતાદિ ઉપદ્રવ કરે તો નારાયણ કવચ અથવા હનુમાન મંત્રનો જપ કરવો પણ કોઇ ક્ષુદ્ર દેવનો જપ કરવો નહિ. ૮ ૧-૨-૩-૪-૫."

સર્વ વૈષ્ણવરાજ શ્રીવલ્લભાચાર્યના પુત્ર વિઠલે પરધનહરણ, ધર્મનાશ, પરસ્ત્રીગમનાદિ વ્યભિચારો સારી પેઠે કરી બતાવ્યા છે.

એવાં કર્મ કરનાર પુરૂષના મતવિશે સહજાનંદે પોતાની સંમતિ આપી ઉપદેશ કર્યો છે તેથી સહજાનંદ પણ દુષ્ટ હતો એમ સિદ્ધ થયું. દ્વારિકા વગેરે તીર્થયાત્રાઓ કરવી એવો જે સહજાનંદે ઉપદેશ કર્યો છે તે માત્ર ભ્રાંતિથીજ કર્યો છે એમ નક્કી કરી જાણવું. જડ પાષાણ પાણી વગેરે પદાર્થોમાં તીર્થ ઉપદેશનો સંભવ દેખાતો નથી તેથી એ ઉપદેશ અત્યંત દુઃખદાયક છે. છાંદોગ્ય ઉપનિષદ્‌માં તીર્થ શબ્દનો અર્થ વેદ અથવા ઈશ્વરનુ જ્ઞાન થાયછે, જેથી અવિદ્યા, જન્મ મરણ, હર્ષ શોકાદિ દુઃખો તરાય તેને તીર્થ નામ આપવામાં આવે છે. શિવ, વિષ્ણુ, ગણપતિ, પાર્વતી વગેરે દેહધારી મુડદાંઓની પૂજા અને સૂર્ય પોતે જડ છે તેથી તેની પૂજાવિશે વેદમાં કહ્યું નથી એટલામાટે એક પરબ્રહ્મની પૂજા કરવી એમ જે સહજાનંદે કહ્યું છે તે મિથ્યા છે. ભૂત પ્રેતોના નિવારણઅર્થે નારાયણ કવચ અથવા હનુમાન્ મંત્રનો જપ કરવો એવો ઉપદેશ કરવાથી માલમ પડેછે કે સહજાનંદને ભ્રમ ઉત્પન્ન થયો હશે.

" વેદ, વ્યાસસુત્ર, ભાગવત્, ભારતમાં કહેલું વિષ્ણુસહસ્ત્રનામ, ભગવદ્ગીતા, વિદુરનિતિ, સ્કંધ પુરાણ અને વૈષ્ણવ ખંડમાં કહેલું વાસુદેવ માહાત્મ્ય અને યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ વગેરે આઠ સત્‌શાસ્ત્રો મને ઇષ્ટ છે, બ્રાહ્મણ, ક્ષત્રિય, અને વૈશ્યો જેઓ સ્વશુભેચ્છક અને મારા શિષ્યો છે તેઓએ એ શાસ્ત્રો સાંભળવાં એનો પાઠ કરવો અને કરાવવો એ આઠ શાસ્ત્રોમાં આચાર, વ્યવહાર અને પ્રાયશ્ચિતના નિર્ણય અર્થે યાજ્ઞવલ્ક્ય સ્મૃતિની મિતાક્ષરા નામની ટીકાનું પણ હું ગ્રહણ કરૂંછું. ભાગવતૂના પાંચમા અને દશમસ્કંધમાં કૃષ્ણ લીલા લખેલીછે તેથી તે બે સ્કંધો અવશ્ય જાણવા; ભાગવતૂના દશમસ્કંધમાં ભક્તિશાસ્ત્ર પાંચમામાં યોગશાસ્ત્ર અને યાજ્ઞવલ્ક્ય સ્મૃતિમાં અમારૂં ધર્મશાસ્ત્ર, વર્ણવ્યું છે. શારીરક અને ભગવદ્ગીતાનુ ભાષ્ય જે રામાનુજ આ-

ચાર્યે બનાવ્યું છે તે અમારૂં અધ્યાત્મ શાસ્ત્ર છે. એ શાસ્ત્રોના જેજે વાક્યોમાં કૃષ્ણ, ધર્મ, ભક્તિ અને વૈરાગ્યનુ વર્ણન કર્યું હોય તે વાક્યો બીજા વાક્યો કરતાં શ્રેષ્ઠ માનવાં અને કૃષ્ણ ભક્તિ ધર્મ સાથેજ રાખવી.” ૯૨—૩—૪—૫—૬—૭—૮—૯—૧૦૦—૧—૨.

ઉપરના બધા શ્લોકો અશુદ્ધ છે. ભાગવત્ આદિપુરાણનો અને ભારતમાં વિષ્ણુ સહસ્રનામ, ભગવદ્ગીતા વગેરેનોજ માત્ર સ્વીકાર, બીજા ગ્રંથોનો ત્યાગ, યાજ્ઞવલ્ક્ય સ્મૃતિની મિતાક્ષરા ટીકાનુ ગ્રહણ, પૂર્વમીમાંસા તથા મનુસ્મૃતિનો ત્યાગ કરવાથી અને વાસુદેવને મહાત્મ્ય ગણવાથી સિધ્ધ થાયછે કે સહજાનંદ અવિદ્વાન્ હતો. સહજાનંદે ભાગવત્ના ભ્રષ્ટ મિથ્યાભૂત શ્રેત અધર્મ કથા પ્રતિપાદક દશમસ્કંધને સર્વ શાસ્ત્રો કરતાં શ્રેષ્ટ માનેછે તે ઉપરથીજ જણાયછે કે સહજાનંદ વેદ નિંદક (નાસ્તિક) હતો. દશમસ્કંધમાં ભક્તિ લેશમાત્ર નથી પણ વ્યભિચારઆદિ અધર્મનું પ્રતિપાદન પ્રસિધ્ધ છે. પાંચમા સ્કંધમાં યોગશાસ્ત્રનું પ્રતિપાદન તો કરેલું નથી પણ યોગાભાસ (છળભેદ) નું પ્રતિપાદન કરેલું છે. શ્રૌત સૂત્ર અને મીમાંસા આદિ ધર્મ શાસ્ત્રોનો તિરસ્કાર કરવાથી અને દળેલાંને ફરીથી દળવા માફક યાજ્ઞવલ્ક્ય સ્મૃતિનો સ્વીકાર કરવાથી એમ માલમ પડેછે કે સહજાનંદ વેદના કર્મકાંડ, ઉપાસનાકાંડ અને જ્ઞાનકાંડ વિશે કંઇ જાણતો નહોતો; શારીરક સૂત્રના રામાનુજે કરેલા અતિ અશુદ્ધ ભાષ્યનુ પ્રમાણ માનવાથી સહજાનંદ અવિવેકી હતો એમ સાબિત થાયછે. શ્રીકૃષ્ણે પોતે વેદવાક્યોને સર્વોત્કૃષ્ટ માન્યાંછે ત્યારે સહજાનંદે ઉપર જે દશમસ્કંધ વગેરેને શ્રેષ્ઠ ગણ્યા તે સહજાનંદને ભ્રમ થયો હશે એમ જણાયછે. વેદવાક્યો સર્વોત્તમ છે એમ બ્રહ્માદિ વિદ્વાનોના સિધ્ધાંત છતાં સહજાનંદ ભુંકેછે કે કૃષ્ણના વાક્યો વેદ કરતાં શ્રેષ્ટછે એ સહજાનંદને શરમાઇને બુડી મરવા જેવું છે.

" જેમ હૃદયમાં જીવ રહેછે તેમ ઇશ્વિર અંતર્યામિપણાએ કરીને જીવમાં રહેછે તે સ્વતંત્ર અને સર્વને તેઓનાં કર્મનાં ફળ આપનાર છે. તે પૂર્ણ પુરૂષોત્તમ પરબ્રહ્મ શ્રીકૃષ્ણ ભગવાન્ ઉપાસના કર્વા યોગ્ય ઇષ્ટ દેવ સર્વ પદાર્થોનો આવિર્ભાવ કારણ ( પ્રસિધ્ધ કર્તા ) છે. જ્યારે તે રાધા સાથે હોય ત્યારે રાધાકૃષ્ણ, રૂક્ષ્મીણિ સાથે હોય ત્યારે લક્ષ્મીનારાયણ, અર્જુન સાથે હોય ત્યારે નરનારાયણ અને જ્યારે બલભદ્રાદિ યુકત હોય ત્યારે તેને તે નામો આપવાં " ૧૦૭–૮–૯–૧૦

જીવવાન્ કદિ ઈશ્વિર બનેજ નહિ, કારણકે સર્વશકિત, સર્વજ્ઞતા, નિર્વિકારઆદિ ગુણયુકત સ્વભાવ ઇશ્વિરનોજ છે. જન્મ મરણ હર્ષ શોકઆદિ ગુણયુકત કૃષ્ણને પરબ્રહ્મ ભગવાન્ પૂર્ણ પુરૂષોત્તમ વગેરે નામો આપવાં મુદ્દલ સંભવતાં નથી. એક સર્વ શકિતમાન્, ન્યાયકારી, દયાલુ, સર્વાન્તર્યામી, સચ્ચિદાનંદ સ્વરૂપ, નિર્દ્વેષી, નીરાકાર, અવતાર રહિત અને વેદયુકિત સિધ્ધ પરમાત્માને છોડીને જન્મ મરણયુકત કૃષ્ણની ઉપાસના કરવી એમજે સહજાનંદે કહ્યુંછે તેથી માલમ પડેછેકે સહજાનંદને પદાર્થજ્ઞાન મુદ્દલ નહોતું. રાધાતો અનય નામના ગોળવાની બૈરી હતી કૃષ્ણને તેમાં કંઇ લાગતું વળગતું ન હોતું કૃષ્ણની સ્ત્રીનુ નામ રૂક્ષ્મીણિ હતું તેથી તેને લક્ષ્મીનારાયણનું નામ આપવું અયોગ્ય છે. આ પ્રમાણે કહીને સહજાનંદે પોતાની મૂર્ખાઇ બતાવી છે કારણકે સર્વજ્ઞતા સિવાય સહજાનંદનુ બોલવું યુકિત રહિત દેખાય છે.

તેવીજ ( કૃષ્ણની ) માત્ર સર્વ મનુષ્યોએ ભકિત કરવી, એની ભકિત કરતાં બિજું સુખનું સાધન કંઇ છેજ નહિ." ૧૧૩.

કૃષ્ણનું પોતાનુ' કલ્યાણ થયું કે નહિ તે વિશે વિદ્વાનોને સંશય ઉત્પન્ન થાયછે. કૃષ્ણે પોતે માત્ર એક ઇશ્વરની ભકિત કરીછે અને

તેમ કરવાને ઉપદેશ કર્યોછે, ત્યારે સહજાનંદે જે ઉપર કહ્યું કે સર્વ મનુષ્યોએ માત્ર કૃષ્ણની ભક્તિ કરવી એની ભક્તિ કરતાં બીજું કંઇ સુખનું સાધન છેજ નહિ તે કહીને તેણે પોતાની અવિદ્યા બતાવીછે.

"ગુણવાન્ પુરૂષોના વિદ્યાદિ ગુણોનું ઉત્તમ ફળતો એછે કે કૃષ્ણની ભક્તિ અને સત્સંગ કરવો તે પડતાં મુકી જે કોઇ બીજું કંઇ કરશે તે વિદ્વાન છતાં અધોગતિ અર્થાત્ નરક પામશે" ૧૧૪.

આ શ્લોકમાં છંદોભંગ દોષ હોવાથી જણાયછે કે સહજાનંદને છંદો જ્ઞાન વિશે કંઈ સમજણ નહોતી. કૃષ્ણ મરીગયો તેથી હવે તેની ભક્તિ કરવી તે અયોગ્ય અને નિષ્ફળ છે. વિદ્વાન્ લોકો પોતાની વિદ્યાના પ્રકાશથી સર્વદા સદ્ગતિ પામેછે, પણ અવિદ્યા અધર્મ આચરણ અને અજ્ઞાનથી સહજાનંદ જેવા અવિદ્વાનોને અસદ્ગતિ પ્રાપ્ત થાયછે એમ નજરે પડેછે.

"ત્રણ તરેહના દેહથી જે વિલક્ષણ જીવ તેમાં બ્રહ્મરૂપની ભાવના કરીને શ્રીકૃષ્ણની ભક્તિ સર્વદા કરવી." ૧૧૫.

જો જીવ બ્રહ્મરૂપ હોયતો બ્રહ્મની તુલ્યતા જીવમાં કેમ દેખાતી નથી? જો જીવ બ્રહ્મતુલ્ય હોય તો જેમ બ્રહ્મે આ આખું જગત્ રચ્યું તેમ જીવ થોડુંક નવું જગત્ શું કરવા રચી લેતો નથી? જો જીવ બ્રહ્મ એક હોય તો અવિદ્યા, જન્મમરણ, હર્ષશોક, ઠંડીતાપ, સુખ દુઃખ, તાવપીડા અને બંધ આદિ દોષો બ્રહ્મમાં માનવા પડશે. જો જીવથી બ્રહ્મ ભિન્ન હોયતો સહજાનંદનું કહેવું વ્યર્થ થયું. કૃષ્ણ પોતે પણ બ્રહ્મભક્ત હતો, તેથી સર્વ જીવોએ માત્ર બ્રહ્મની ભક્તિ કરવી કૃષ્ણઆદિ જીવોની ભક્તિ કરવીજ નહિ. માત્ર કૃષ્ણનીજ ભક્તિ કરવી એમ જે સહજાનંદે ઉપર કહ્યું તેથી સિદ્ધ થાયછે કે એમમાણે કહેવામાં એણે મ્હોટું પાપ કર્યું છે.

"મારૂં મત વિશિષ્ટા દ્વૈત અને મારૂં પ્રિયસ્થાન ગોલોકછે, ત્યાં બ્રહ્મરૂપ કૃષ્ણની સેવા કરવી એ મારી મુક્તિ જાણવી. ૧૨૧.

સહજાનંદનું મત ચક્રાંકિતના જેવુંછે એમ દેખાયછે. વિશિષ્ટા દ્વૈત શબ્દનો અર્થ સર્વ લોકો આપ્રમાણે કરેછે:—

અવિદ્યાયુકત જીવ અને માયાયુકત ઈશ્વિરછે. કેટલાક લોકો ઈશ્વિર ની માયા એક માનેછે, એપ્રમાણે ત્રણ ચાર પદાર્થોથી અદ્વૈત સિધ્ધ થતું નથી. બીજા પદાર્થવિના વિશિષ્ટ શબ્દ વાપરી શકાય નહિ; બે પદાર્થો અદ્વૈત થઈ શકે નહિ, પણ બ્રહ્મતો ખરેખર અદ્વૈત છે. સજાતીય વિજાતીય બીજોબ્રહ્મ છેજ નહિ, તેથી એ ભેદ બ્રહ્મમાં સંયોગ વિના સિધ્ધ થઈ શકે નહિ. વેદયુક્તિ સિધ્ધ એક રસમાત્ર એકજ બ્રહ્મછે આ ઉપરથી અદ્વૈત શબ્દનો અર્થ જાણવો. આ ઉપરથી દ ખાયછે કે રામાનુજ અને સહજાનંદનાં મતો ભ્રષ્ટ છે.

ગધેડાં વગેરે પશુનો લોક મારૂં સ્થાનછે એમ જે સહજાનંદે કહ્યું તે સ્વજાતિના નિયમથી સહજાનંદ પોતે પણ ગધેડો બનેછે. ગોલોક માં નિવાસ કરવાથી અને માત્ર કૃષ્ણ સેવાથીજ મુક્તિ પ્રાપ્ત થાયછે એમ જે સહજાનંદ બકયોછે તે મિથ્યાછે.

"મેં મ્હોટાં મ્હોટાં મંદિરોમાં લક્ષ્મી નારાયણઆદિ મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ટા કરીછે તેઓની યથાવિધિ સેવા કરવી." ૧૩૦.

સહજાનંદે અથવા બીજા કોઇએ બાંધેલાં વિદ્યાધર્મવિરૂધ્ધ અને દ્રવ્યનાશક મ્હોટાં મંદિરોમાં રહેલી પાષાણઆદિ મૂર્તિઓને લક્ષ્મીનારાયણનું નામ આપી શકાયજ નહિ, કારણકે વેદમાં મૂર્તિવિશે કંઇ કહ્યું નથી તેથી, મૂર્તિ પોતે જડછે તે કારણથી, અને લક્ષ્મીનારાયણઆદિ સૌચેતન હતા તે હેતુથી મૂર્તિનું યથાવિધિ ખંડન કરવું, કદિ પૂજન કરવું નહિ.

"બે અમુક પુરૂષની સ્ત્રીઓએ પોતાના ધણીની આજ્ઞા લઇને માત્ર સ્ત્રીઓનેજ કૃષ્ણ મંત્રનો ઉપદેશ કરવો." ૧૩૩.

સહજાનંદના માનેલા ઉપદેશ સિવાય સ્ત્રીઓ પાસેથી ધન પ્રાપ્તિ

કદિ થાય નહિ. એ ઉપરથી સ્પષ્ટ રીતે દેખાયછે કે સહજાનંદે એકદમ છળ કપટ ફેલાવી દીધુંછે. પરબ્રહ્મનો મંત્ર છોડી દઇને કૃષ્ણનો અર્થાત્ મુડદામંત્રનો ઉપદેશ કરવાથી સહજાનંદ લોભી અને અજ્ઞાની ઠરેછે.

"પોતાના કમાવેલા ધન ધાન્યનો દશમો ભાગ કૃષ્ણને અર્પણ કરવો અને જે લોકો દુર્બળ હોય, તેઓએ વીશમો ભાગ કૃષ્ણને આપવો." ૧૪૭.

પરધન હરવામાં અને પોતાને સુખ આપવામાં સહજાનંદનો છળભેદ ખુલ્લે ખુલ્લો દેખાયછે. આપ્રમાણે કરવામાં સહજાનંદનો અભિપ્રાય એ હતો કે કંઇપણ મેહેનત કાર્યવગર ધનનો દશમો, વીશમો ભાગ લઇને આપણે સંસારનુ વિષયસુખ ખૂબ ભોગવીશું. ઉપર કહ્યું છે કે કૃષ્ણને અર્પણ કરવું તે કૃષ્ણ પોતતો દશમો અથવા વીશમો ભાગ લેવા આવી શકેજ નહિ, અને કૃષ્ણ કંઇ એવો દરિદ્રી નહોતો. આ ઉપરથી સાબિત થાયછે કે સહજાનંદે ગોકુલના વલ્લભ સંપ્રદાયવાલાઓની પેઠ ખૂબ ધૂર્તતા ચલાવી છે. એવા એવા ધૂર્ત સંપ્રદાયોના પ્રસારથી આપણા આર્યાવર્ત દેશને ઘણું વેઠવું પડ્યુંછે તેથી સર્વ સજ્જનોએ શ્રમ લઇને એ સંપ્રદાયો જડ મૂળથી કહાડી નાખવા જોઇએ. જો કદિ નહિ કહાડી નાખવામાં આવેતો આપણા દેશનું કલ્યાણ કદિ થવાનુંજ નથી.

"એકાદશી વગેરે વ્રતોનું યથાશક્તિ અને શાસ્ત્ર પ્રમાણે ઉદ્યાપન કરવું; ઉદ્યાપન મનની ઇચ્છાઓ પુરી પાડેછે. શ્રાવણ મહિનામા બિલ વગેરે પાતરાથી મહાદેવની પૂજા કરવી કરાવવી." ૧૪૮--૯.

આથીપણ સહજાનંદની ધૂર્તતા દેખાયછે. જો કદિ એકાદશીઆદિ વ્રતો નહિ કરેતો શિષ્યો પાસેથી ઉદ્યાપન વિના ધનલાભ થાય નહિ; શ્રાવણ મહિનામા મહાદેવ પૂજન અર્થાત્ પાષાણ આદિ મૂર્તિપુજા

વિના આપણને શિષ્યો પાસેથી ધન પ્રતિષ્ઠા મળશે નહિ એવાએવા વિચારોથી સહજાનંદ પોતાનું કપટ દર્શાવ્યું છે.

"દેવની મૂર્તિ સિવાય લખેલી અથવા લાકડા વગેરેની મૂર્તિઓનો કદિ સ્પર્શ કરવો નહિ, તેમની તરફ બુદ્ધિ દૃષ્ટિએ જોવું પણ નહિ." ૧૭૭.

પ્રથમ તો સહજાનંદ પોતાના મંદિરમાં રાધાની મૂર્તિની સ્થાપના શામાટે કરી? અને જેની ડાબી બાજુએ રાધાછે વગેરે વાકયોનો સહજાનંદ શામાટે લોકોને ઉપદેશ કર્યો? સહજાનંદના શિષ્યો બુદ્ધિ પૂર્વક રાધાના દર્શણ શામાટે કરેછે? આવા આવા ગાંડા ગીતો અને બકબકાટથી સહજાનંદને ઘણી તરેહના દોષો લાગુ પડેછે.

"સર્વ ઇન્દ્રિઓ જીતી લેવી તેમા વિશેષે કરીને રસઇન્દ્રિય જીતવી; કોઇએ દ્રવ્યનો સંગ્રહ કરવો નહિ, તેમ કોઇને કરવા પણ દેવો નહિ, કોઇની સ્થાપના કરવી નહિ, વૈર્યનો ત્યાગ કરવો નહિ; અને પોતાની રહેવાની જગામાં પરસ્ત્રીને આવવા દેવું નહિ." ૧૮૯

માત્ર સાધુઓએજ જીતેન્દ્રિય થવું એમ જો તમે ઉપદેશ આપતા હોતો તમે શું અસાધુછો? તમારા વિચાર પ્રમાણે શું ગ્રહસ્થોએ જીતેન્દ્રિય ન થવું? ઉપર કહ્યું કે કોઇનું સ્થાપન કરવું નહિ. ત્યારે વિદ્યા, ધર્મ, ઇશ્વરપ્રાર્થના, સ્તુતિ અને ઊપાસનાનું સ્થાપન શું ન કરવું જોઈએ? વેદ, ધર્મ, યુક્તિ વિરૂધ્ધ સંપ્રદાયોનું સ્થાપન શામાટે કરવું જોઇએ અને સહજાનંદે એવા સંપ્રદાઓનું સ્થાપન શામાટે કર્યું? સર્વ મનુષ્યોએ એવા એવા પાખંડોનું ખંડન અને સધ્ધર્મનું મંડન અવશ્ય કરવું જોઇએ.

"એ પ્રમાણે સર્વ લોકોના ધર્મ સંક્ષેપે લખ્યાછે અને એ ધર્મોનું વિસ્તારિક વર્ણન સંપ્રદાયના ગ્રંથોમાંથી સમજી લેવું. મેં સર્વ સત્ય શાસ્ત્રનો સાર કહાડીને મનુષ્યને ઇષ્ટફળ આપનારી આ શિક્ષાપત્રી લખીછે." ૨૦૩-૪

ધર્મનું તો લેશ માત્ર પ્રતિપાદન કર્યું નથી પણ સ્વકપોલ કલ્પના થી પોતાની ભ્રાન્તિનો પ્રકાશ કરેલો દેખાયછે. વેદાદિ શાસ્ત્રોમાં જે યથાવત્ ધર્મ લખ્યાછે તેનું સહજાનંદને મુદ્દલ જ્ઞાન નહોતું; લખેલાં ધર્મને ફરીથી લખવું વ્યર્થછે, કારણ કે એમ કરવાથી દળેલાને દળા વા જેવું થાયછે. મનુષ્ય માત્રનો સનાતન સાંપ્રદાયિક ગ્રંથ તે' વેદજછે અને શિક્ષાપત્રી વગેરે ગ્રંથો બધા મિથ્યાછે. "વિસ્તર" શબ્દ વ્યાકરણ નિયમથી અશુદ્ધછે, "વિસ્તરને બદલે વિસ્તાર" શબ્દ લખવો જોઈએ; કથન, શ્રવણ વગેરે અર્થમાંજ માત્ર વિસ્તાર પ્રયોગ થાયછે. સહજાનંદને સત્ય શાસ્ત્રનો બોધ તો હતોજ નહિ તેમ એણે કંઇ અધ્યયન પણ કર્યું નહોતું, કારણકે એણે વેદયુ-ક્તિ વિરૂદ્ધ પાષાણ આદિમૂર્તિ પૂજન કંઠી તિલક ધારણ વગેરે ભ્રષ્ટ કર્મોનું પ્રતિપાદન કર્યુંછે. શિક્ષા પત્રીમાં સારને બદલે અસાર વર્ણન કરેલુંછે. શિક્ષાપત્રી લોભવિષયમાં તો ઇષ્ટ ફલદાયકછે પણ શિક્ષાપત્રીનો પાઠ કરવાથી સર્વદા સુખ પ્રાપ્તિ થાયછે એ અનુ-ભવરહિત વાતછે. સહજાનંદના એવા એવા વચનોથી સહજાનંદ લોભી ઠરેછે. લોભવિના સંપ્રદાયની વૃદ્ધિ થાય નહિ, અને વૃદ્ધિ ન થાય તો પ્રતિષ્ઠા અને ધન પ્રાપ્તિ પણ ન થાય, અને જો તે પ્રા-પ્તિ ન થાય તો ઈષ્ટ વિષયસુખ મળે નહિ; આ ઉપરથી સમજવું કે સહજાનંદની બુદ્ધિ કપટ રૂપ હતી.

"જે પુરૂષ અથવા સ્ત્રી આ શિક્ષાપત્રીમાં કહેલા ધર્મો પ્રમાણે વર્તશે તેઓને ખરેખર ધર્મ, અર્થ, કામ અને મોક્ષ પ્રાપ્ત થશે."૨૦૯.

જે લોકો પાષાણ આદિ મુર્તિ પુજન વગેરે પાખંડોનું આચર-ણ કરશે તેઓને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ તો પ્રાપ્ત નહિ થાય અધર્મ, અનર્થ, દુષ્ટ ઇચ્છા, બંધ, નરક વગેરે દોષો આવશ્ય પ્રાપ્ત-થશે.

"શિક્ષાપત્રી પ્રમાણે જે લોકો આચરણ નહિ કરે તેઓ આપણા સંપ્રદાયથી બહારછે એમ મારા સાંપ્રદાયિક સ્ત્રીપુરૂષોએ સમજવું."

પાષાણ આદિ મુર્તિ પૂજન, કંઠી તિલક વગેરે પાખંડ રૂપ ચિન્હો કદિ કોઇએ કરવા નહિ અને જે પુરૂષ એ ચિન્હો નહિ કરે તેનેજ માત્ર ધર્મ, અર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તિ થશે.

વેદાદિ સત્ય શાસ્ત્રોક્ત સનાતન, સત્ય, પક્ષપાતરહિત ન્યાયધર્મનો ત્યાગ કરીને સહજાનંદ આદિઓએ રચેલા શિક્ષને પત્રી વગેરે ભ્રષ્ટ અને વેદયુક્તિ વિરૂધ્ધ ગ્રંથોનો જે લોકોએ સ્વીકાર કર્યો, કરેછે અને કરશે તેઓને શ્રેષ્ઠ લોકોએ સધ્ધર્મ રહિત અને નાસ્તિક નામ આપવું જોઇએ.

"મારા આશ્રિતોએ શિક્ષાપત્રીનો દરરોજ પાઠ કરવો અને જેઓ વિદ્યાહીન હોય તેઓએ પ્રીતિથી તેનું શ્રવણ કરવું શ્રવણ કરવાનું ન બને તો આ શિક્ષાપત્રીની અત્યંત પ્રીતિથી પૂજા કરવી અને એને મારી વાણી તથા મારૂં રૂપ જાણવું; આ પત્રીકા દેવીમાર્ગીને આપવી પણ કોઇ અસુરને આપવી નહિ."

વેદનું ભણવું સાંભળવું મુકી દઇને સહજાનંદ આદિઓના રચેલા શિક્ષાપત્રી વગેરે કપોલકલ્પિત પુસ્તકો ભણ્યા તેમજ સાંભળવાથી ઘણુંજ પાપ લાગેછે.

આ જડ, વ્યર્થ પુસ્તકની પૂજા કરવાનો ઊપદેશ આપવામા અયોગ્યતા માલમ પડેછે. વાણી કદિ જીવરૂપ બને નહિ; પરમ પ્રીતિથી શિક્ષાપત્રીનો સત્કાર કરવો એમજ સહજાનંદે કહ્યું તે સત્કાર કરવાને બદલે પરમ પ્રયત્નથી એ અશુધ્ધ પત્રિકાનું ખંડન કરવું. આ પ્રમાણે બોલવામા સહજાનંદની મુળ મતલબ અજ્ઞાનિ અને બાળકોને ભમાવી તેઓ પાસેથી ધનાદિ પદાર્થો છીનવી લેવાની છે.

જે દવી માર્ગી હશે તેતો શિક્ષાપત્રી હાથમાં પકડશે પણ નહિ. જે લોકો વિદ્યા રહિત અસુર સંપ્રદાયોનો સ્વીકાર કરેછે તેવા લોકોના સંપ્રદાયને સંપ્રદાહ નામ આપવું જોઇએ, કારણકે સંપ્રદાય અંધકાર રૂપછે. જેમાં વિદ્યા વિજ્ઞાનનો સત્યનાશ વળી જાય તેનું નામ સંપ્રદાહ પડેછે. હાલના જેટલા વિરૂધ્ધ સંપ્રદાયોછે, તે સર્વને સંપ્રદાહ નામ આપવું જોઇએ.

પ્ર૦—મરણ સમયે પણ સહજાનંદ પોતાના શિષ્યોના હાથ પકડી વિમાન ઉપર ચડાવીને વૈકુંઠ લઇ જાયછે અને પરમ સુખ આપેછે વગેરે ગપાટા સહજાનંદના શિષ્યો પાસેથી સંભળાયછે તે સત્યછે કે મિથ્યા ?

ઉ૦--બધું મિથ્યા જણાયછે, કારણકે જે પુરૂષ મરી ગયો તે ફરીથી આવીને પ્રથમનું શરીર ધારણ કરી શકેજ નહિ, જો કદિ તેમ કરવા સમર્થ હોય તો સંપ્રદાય વાળાઓએ છળકપટથી જે પુષ્કળ દ્રવ્ય એકઠું કર્યુંછે તે ભોગેવવાને પણ અવશ્ય આવવો જોઇએ. આ ઉપરથી સમજવું કે સહજાનંદ વગેરે ધૂર્તો અજ્ઞાની લોકોને મોહ પમાડવા અર્થે એવું એવું બોલ્યા કરેછે.

પોતાના શિષ્યોના હાથ ઊપર લોખંડ દઅદગાવીને ચક્ર વગેરે ચિન્હો કરવાથી સહજાનંદના સંપ્રદાય વાળાઓને અત્યંત પાપ લાગશે. જેઓ બગલા ભકતછે તેઓ સ્રીદર્શન તેમ ધાતુસ્પર્શ કરતા નથી. ગ્રહસ્થ આચાર્ય લોભના હેતુથી મંદિર બાંધી કપટથી દ્રવ્ય આદિ પદાર્થો છીનવી લેછે. બેબે વિવાહો કરવા વગેરે કર્મો જે સંપ્રદાય માંથતાં હોય તેમાં કલ્યાણની આશા શુદ્ધિ સજ્જનોએ કદિ રાખવી નહિ.

---

(સમાપ્ત)

ग्रहण क्रमांक 225

# સૂચના.

| | વેચવાનાં પુસ્તકો. | રૂ. | આ. |
|---|---|---|---|
| ૧ | સંસ્કાર વિધિ .... .... .... ... | ૧ | ૮ |
| ૨ | સત્યાર્થ પ્રકાશ .... .... .... .... | ૩ | ૪ |
| ૩ | આર્યાભિવિનય .... .... .... .... | ૦ | ૮ |
| ૪ | સંધ્યા ભાષ્ય .... .... .... .... | ૦ | ૪ |
| ૫ | વેદવિરૂદ્ધ મત ખણ્ડન .... .... .... | ૦ | ૪ |
| ૬ | શિક્ષાપત્રીધ્વાંત નિવારણ .. | ૦ | ૪ |
| ૭ | વેદાંતિધ્વાંત નિવારણ .... .... .... | ૦ | ૨ |
| ૮ | સત્યાસત્ય વિચાર .... .... .... | ૦ | ૪ |
| ૯ | વેદ ભાષ્ય .... .... .... .... | ૪ | ૮ |

ઉપર લખેલાં પુસ્તકો **મુંબઇ આર્ય સમાજમાં** તથા કાળકા દેવીના રસ્તાપર રામવાડી ઘર નંબર ૯૬, દુકાનદાર રામકૃષ્ણ કાશીનાથ કશેળકર તથા અમદાવાદમાં ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી, તથા કાશીમાં બાબુ વ્રજ ભૂષણદાસ પાસેથી રોકડી કિમ્મતે મળશે.

